



# ભરચોમાસે પીવાના પાણી માટે વલખાં મારતા રતનપુર ગામના નાગરિકો

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના રતનપુર ગામની કે જ્યા ભર ચોમાસે ગામ લોકોને પીવાના પાણી માટે વલખા મારવા પડે છે જો કે પાણીની આ સમસ્યા આજ કાલની નથી પણ છેલ્લા કેટલાય મહીનાથી છે તોય રતનપુર ગ્રામપંચાયતના સરપંચ કે તલાટીના પેટનુ પાણી હલતુ નથી. સરમજનક વાત એ છે કે ચોમાસુ હોવા છતા ચાલુ વરસાદ હોય તોય ગામની મહિલાઓને પાણી માટે રઝળપાટ કરીને ખેતરોમાં જઇને પીવાનુ પાણી લાવવું પડે છે. આપ જોઈ શકો છો કે પાણી ના નળ તો છે પણ ફકત જોવાના કેમ કે પાણી તો આવતુ જ નથી આ અંગે અમારા રિપોર્ટરે જયા પાણી નથી આવતુ તે વિસ્તારની મહિલાઓને પુછતા તેઓએ જણાવેલુ કે અમોએ મૌખિક ગ્રામપંચાયતને જણાવેલુ છે. અને ગામના સરપંચ ને વાત કરેલ તો તેઓએ એવુ જણાવેલુ કે તમારે આવી નાની નાની રજુઆતો લઈને મારા ઘરે ના આવવાનું તમારે પાણી જયાંથી લાવવું હોય તયાથી લાવો આવો જવાબ આપેલો જેથી અમારી આ સમસ્યાનુ આજદિન સુધી કોઈ હલ આવયો નથી અમારે ઘરના કામકાજ મુકી રાત હોય કે દિવસ મજબુર થઈ પાણી ભરવા દુર દુર સુધી ખેતરોમાં જઇને લાવવું પડે છે જેથી મહિલાઓઅ ગુસ્સો ઠાલવતા જણાવેલુ કે અમારી પાણીની સમસ્યા નો ઝડપી નીકાલ આવે અને રતનપુર ગ્રામપંચાયત સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી ઉગ્ર માંગ કરી હતી.

## શામળાજી પોલીસે બે વાહનોમાંથી ૨.૨૬ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

શામળાજી, તા. ૧૯

આઈબી ઈનપુટને લઈને રતનપુર ચેકપોસ્ટ પર બખ્તરધારી એસઆરપીની એક પ્લાટુન તૈનાત કરવામાં આવી છે અને અરવલ્લી જીલ્લાની તમામ આંતરરાજય સરહદો પર સઘન ચેકીંગ હાથ ધરવા છતાં જાણે બુટલેગરો બે ખોફ હોય તેમ સઘન સુરક્ષા તોડી મારુતિ કારમાં ૪૮ હજારનો અને સ્કોર્પિઓ ગાડીમાં ૧.૭૮ હજારનો વિદેશી દારૂ ભરી શામળાજી સુધી ધસી આવતા શામળાજી પોલીસે બંને વાહનોમાંથી વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરી ૧ બુટલેગરને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથમ ધરી હતી.

શામળાજી પીએસઆઈ સંજય શર્મા અને તેમની ટીમે જાબચિતરિયા ગામની સીમમાંથી વિદેશી દારૂ ભરી પસાર થતી મારુતિ-૮૦૦ કારને અટકાવી કારમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૯૬ કીં. રૂ. ૪૮૦૦૦ સાથે હિંમતનગરના રાયકાનગરમાં રહેતા જીતકુમાર ગણેશભાઈ રાણા (ભીલ)ની ધરપકડ કરી હતી કારચાલક ફરાર થઈ જતા કારની કીં. રૂ. ૫૦૦૦૦ મળી કુલ રૂ. ૯૮૦૦૦નો મુદામાલ જપ્ત કરી અન્ય ત્રણ ઈસમો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ભવાનપુર ગામ નજીક શામળાજી પોલીસની નાકાબંધી જોઈ રોડ પર સ્કોર્પિઓ જીપનો ચાલક ગાડી રોડ નજીક રાખી નાસી છૂટતા શામળાજી પોલીસે સ્કોર્પિઓ જીપ (ગાડી.નં-જીજે.૦૧. આરડી.૪૯૭૫)માંથી વિદેશી દારૂ-બીયરના ટીન નંગ-૧૨૬૯ કીં. રૂ.૧૭૮૩૫૦નો જથ્થો જપ્ત કરી કારની કીં. રૂ.૫૦૦૦૦૦ મળી કુલ રૂ. ૬,૭૮,૩૫૦નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર સ્કોર્પિઓ ગાડીના ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



## ડીસા સરદાર બાગ રોડ ઉપર ટ્રાફિક ચક્કાજામ...

બનાસકાંઠા જિલ્લાના તાલુકા અને વેપારી મથક ડીસામાં ટ્રાફિકની સમસ્યા કાયમી બની ગઈ છે તેમાં પણ મહત્વના ટ્રાફિક પોઈન્ટ ટી.આર.બી. જવાનોના હવાલે કરી દેવાયા છે તેથી ટ્રાફિકની સમસ્યા વિકરાળ બની ગઈ છે તેમાં પણ ગઈકાલે સોમવારે આખો દિવસ ભરચક ટ્રાફિકથી ઉભરાતા સરદાર બાગ આગળના ટ્રાફિક પોઈન્ટ ઉપર કોઈ જવાન પણ હાજર નહતો તેથી ચારે બાજુથી આડેધડ વાહનો ઘૂસતા ટ્રાફિક જામ થઈ ગયો હતો. જેના કારણે વાહનોની લાઈનો લાગી જતા વાહન ચાલકો સાથે રાહદારીઓ પણ ફસાઈ ગયા હતા જેથી કેટલાક જાગૃત નાગરિકોને ટ્રાફિક નિયમન કરવાનો વારો આવ્યો હતો.બાદમાં હોબાળો થતા મોડે મોડે એક જવાન આવ્યો હતો પરંતુ સતત ૪૫ મિનિટ ટ્રાફિક ચક્કાજામ રહેતા અફડાતફડી મચી હતી ટ્રાફિકજામ રિક્ષાઓ અને બાઈક ચાલકોની આડેધડ ઘૂસણખોરીથી થયો હોવાનું પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું.

### માલપુરના અણીયોર ગામમાં મકાનની દીવાલ ધરાશાયી થતા

## આધેડ મહિલા અને બાળકી દબાતા કાટમાળ નીચેથી કાઢી સારવાર અર્થે ખસેડાઈ

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જીલ્લામાં સતત ૫ દિવસથી મેઘમહેર યથાવત રહેતા કાચા મકાનોમાં ભેજ લાગતા સતત દીવાલો ધરાશાયી થવાની ઘટનાઓ બની રહી છે. માલપુર તાલુકાના અણીયોર ગામમાં ચમાર ફળિયામાં મકાનની દીવાલ ધરાશાયી થતા ઘરમાં રહેલી મહિલા અને બાળકી કાટમાળમાં દબાતા ભારે અફડાતફડી મચી હતી. મકાન ધરાશાયી થતા દોડી આવેલા ગ્રામજનોએ બંને ઈજાગ્રસ્તોને કાટમાળ નીચેથી કાઢી વાત્રક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા જેમાં મહિલાની હાલત ગંભીર હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.



માલપુર તાલુકાના અણિયોર ગામના ચમાર જયંતિભાઈના મકાનની દિવાલ ધ્વસ્ત થતા દોડધામ મચી ગઈ હતી. કાચી દિવાલ ધરાશાયી થતાં નજીક ઉપસ્થિત આઠ વર્ષની મેઘા અને વૃધ્ધ રમીલાબેન જયંતિભાઈ ઈજાગ્રસ્ત થયા હતા. ઘટનાની જાણ વાયુવેગે તંત્ર સુધી પહોંચી જતાં બંને ઈજાગ્રસ્તોને સારવાર માટે વાત્રક રેફરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જયારે દિવાલ નજીક ઉપસ્થિત અન્ય એકનો આબાદ બચાવ થયો છે.

સમગ્ર મામલે માલપુર તાલુકા મામલતદાર કચેરી દ્વારા તલાટી મારફત રીપોર્ટ મંગાવી જોગવાઈ મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જીલ્લામાં ભારે વરસાદ બાદ કાચી દિવાલો ભેજને પગલે ધરાશાયી થતી હોય અન્ય રહીશોમાં પણ મુંઝવણ વધી છે.

## સિરોહીના ટોલ પ્લાઝા પર ધારાસભ્ય અને નાગરિકો પર પોલીસે ટિયર ગેસ છોડ્યા

સિરોહીના ઉથમણ ટોલ પ્લાઝા ઉપર સિરોહી ના અપક્ષ ધારાસભ્ય સંયમ લોઢાના નેતૃત્વ મા માનતા અને વાર્તાલાપ કરવાનો ઈનકાર કરતા ધારાસભ્ય તેમજ સ્થાનિક લોકો ગુસ્સા માં આવી ઉપર જ ધરણાં ઉપર બેસી જતા વાહન વ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો અને ટ્રાફિક જામ પણ થઈ ગયો હતો



સિરોહી જિલ્લા ના વાહનો ટોલ ફ્રી માટે, તેમજ અલગ લેન બનાવી સાથે ટોલ નાકા ના કર્મચારીઓ દ્વારા વાહન ચાલકો સાથે દાદાગીરી અને ગુંડાગર્દી ની વિવિધ માંગો ને લઈને કેટલાક દિવસો થી ધરણાં ચાલી રહ્યા હતા.

પરંતુ ટોલ નાકા ના કર્મચારીઓ દ્વારા વિવિધ માંગો ન ટોલનાકા તરફ આગળ વધ્યા હતા ત્યારે સિરોહી પોલીસ ના કાફલા દ્વારા તમામ લોકોને રોકવામાં આવ્યા હતા, એક સમય માટે તો સ્થિતિ ઘણી ગંભીર બની ગઈ હતી બીજી તરફ પોલીસ દ્વારા બેરિકેટ લગાવી તમામ લોકો ને રોકવામાં આવ્યા હતા ત્યારે આ લોકો નેશનલ હાઈવે નંબર ૬૨ ,પોલીસ દ્વારા અનેકો વાર આ લોકો ને રોડ ખાલી કરવાની ચેતવણી પણ આપવામા આવી હતી,ત્યારે કાનૂન વ્યવસ્થા જાળવવા માટે પોલીસ દ્વારા ટિયર ગેસ છોડવામાં આવતા લોકો આ માર્ગ ખાલી કર્યો હતો હાલ મા સ્થિતિ સંપૂર્ણ રીતે સુરક્ષિત છે તેમ સિરોહી પોલીસ યે જણાવ્યું હતુ.

## રાષ્ટ્રીય કાર્યસૂચિને સુદ્રઢ બનાવવા માટે બેંક ઓફ બરોડા દ્વારા શાખાસ્તરીય સંગોષ્ઠી

ભારતની બીજા સ્થાનની જાહેર ક્ષેત્રની ધિરાણકર્તા બેંક ઓફ બરોડાની સાબરકાંઠા ક્ષેત્રીય કાર્યાલય દ્વારા હિંમતનગર મૂકામે તા. ૧૮-૮-૨૦૧૯ અને ૧૯-૮-૨૦૧૯ના દ્વિદીવસીય સંગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું. સંગોષ્ઠીમાં બેંકની સાબરકાંઠા ક્ષેત્રની કુલ ૮૪ શાખાઓના પ્રમુખોએ હાજરી આપી. પરિચર્ચામાં શાખાસ્તર પર બેંકિંગ સેવાઓની મજબૂતી પ્રદાન કરવા રોડમેપ તૈયાર કરવા શાખા પ્રબંધકોના સૂચનો માંગવામાં આવ્યા.

સંગોષ્ઠીનું ઉદઘાટન બેંકની હેડ ઓફિસથી ખાસ ઉપસ્થિત પ્રભાતકુમાર શર્મા, મહાપ્રબંધક દ્વારા કરવામાં આવ્યું. ઉપરાંત, બેંકના ગુજરાત અને રાજસ્થાન રાજ્યના મહાપ્રબંધક (સંકલન) કે. વી. તુલસીબાગવાલે ખાસ ઉપસ્થિત રહી પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરું પાડેલ. બેંક દ્વારા આ પ્રકારની પ્રથમ પહેલ કરવામાં આવી જેમાં શાખાનાં કાર્યનિષ્પાદનની સમીક્ષા, ભવિષ્યની રણનીતિ તેમજ બેંકની વિવિધ યોજનાઓ વધુ સારી રીતે પરિચાલિત કરવા માટે અને બેંકની પ્રગતિના પંથ પર અગ્રેસર થવા માટે કટિબદ્ધ થવા અપીલ કરવામાં આવી.

બે દિવસીય સંગોષ્ઠી અંતર્ગત બૅન્કિંગ ક્ષેત્રની સામે રહેલી વિવિધ પ્રતિસ્પર્ધાઓ અને પડકારો અંતર્ગત નવ જુદા જુદા વિષયો પર ગ્રુપ સંવાદો યોજવામાં આવ્યા. તેમજ શાખાઓનું રાષ્ટ્રીય પ્રાથમિકતાના આધાર ઉપર મૂલ્યાંકન કરવામાં આવેલ. સાથોસાથ વધુ સારી કાર્યશૈલી અને ઉત્કૃષ્ટ પરિણામો બાબતે સૌના સૂચનો પણ આમંત્રિત કરવામાં આવ્યા. સમગ્ર કાર્યવાહીનું સંચાલન વી.સી. ઉપાધ્યાય, ક્ષેત્રીય પ્રમુખ, સાબરકાંઠા ક્ષેત્ર દ્વારા કરવામાં આવેલ.

## પાલનપુરના જગાણા - કુસ્કલ ગામના બે વિકલાંગ રમતવીરોનું સન્માન કરાયું

પાલનપુર

પાલનપુર તાલુકાના જગાણા ગામે રહેતા અજીત અમૃતલાલ પંચાલે ૭ મી ચાયના ઈન્ટરનેશનલ ઓપન વલ્ડ એથલેટીક્સ ચેમ્પિયનશીપ (ગોળા ફેક અને ચક્રફેક)માં બેઈજજિંગ પ્રથમ શ્રેણીમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામના મેળવી હતી. તેમજ કુસ્કલ ગામે રહેતા નિતીન નરસંગભાઈ ચૌધરીએ સ્વિઝલેન્ડ ખાતે યોજાયેલી વલ્ડ પેરા એથલેટીક્સ ચેમ્પિયનશીપમાં ચક્રફેકમાં સિલ્વર મેડલ અને ગોળા ફેકમાં બ્રોંઝ મેડલ મેળવી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામના મેળવી હતી. જેથી બંન્ને વિકલાંગ રમતવીરોનું પાલનપુર તાલુકા પંચાયત દ્વારા મંગળવારે પ્રમાણપત્ર અને સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં પાલનપુર તાલુકા પંચાયત પ્રમુખ લક્ષ્મીબેન કાળમા, તાલુકા પંચાયત ઉપ પ્રમુખ શંકરભાઈ ચામડીયા, તાલુકા વિકાસ અધિકારી ધર્મેશભાઈ વ્યાસ, ચેરમેન કાળુભાઈ પરમાર, તાલુકા પંચાયતના ડેલિગેટ શારદાબેન જુડાલ તેમજ તાલુકા પંચાયતના સ્ટાફ અને તાલુકા ડેલીગેટ, તલાટીઓ હાજર રહી બંને દિવ્યાંગ ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

### અંબાજી ખાતે આવેલા કુંભેશ્વર મહાદેવ મંદિરમાં

## બરફના અમરનાથ બનાવવામાં આવ્યા, શિવ ભક્તો ઉમટ્યા

શક્તિ, ભક્તિ અને આસ્થા નો ત્રિવેણી સંગમ એટલે જગ વિખ્યાત ધામ અંબાજી ગુજરાત નુ લોકપ્રિય શક્તિપીઠ છે આ ધામ મા આજે શ્રાવણ નો સોમવાર હોઈ શિવ મંદિરોમાં શિવ ભક્તો દર્શન કરવા ઉમટ્યા હતા, અંબાજી મા માતાજી ના મંદિર સિવાય વિવિધ શિવાલયો આવેલા છે ત્યારે આજે કુંભારીયા ખાતે આવેલા કુંભેસ્વર



મહાદેવ મા બરફ નો ઉપયોગ કરી અમરનાથ બનાવવામાં આવ્યા હતા જેમા શિવ ભક્તો દર્શન કરવા મોટી સંખ્યામાં આવ્યા હતા.

આજે શ્રાવણ માસ ના ત્રીજા સોમવારે અંબાજી થી ૧.૫ કિમી આવેલા કુંભેર્શ્વ મહાદેવ મંદિરમાં મિત્ર મંડળ અને અંબાજી મંદિર ટ્રસ્ટ તરફથી આજે બરફ અને ઘી નો ઉપયોગ કરી બરફ ના અમરનાથ બનાવવામાં આવ્યા હતા, સાંજે અહી શિવ ભક્તો માટે પ્રસાદ ની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી, મોટી સંખ્યામાં શિવ ભક્તો અમરનાથ બરફાની ભૂખે કો અન્ન પ્યાસે કો પાની ના નાદ સાથે અમરનાથ દાદા ને યાદ કર્યા હતા.

## જુનાડીસાના વાસણા રોડ પર વવાયેલ ૧,૧૧,૧૧૧ છોડનું બાળમરણ

### તત્કાલીન જિલ્લા કલેકટર દ્વારા રોપાયેલ 'રેકોર્ડ બ્રેક' છોડ દેખરેખના અભાવે મુરઝાયા

ડીસા

ગ્લોબલ વૉમિંગની સમસ્યા થી સમગ્ર વિશ્વ આજે ચિંતિત બન્યું છે જેનાથી પર્યાવરણ સમતુલા જોખમાતા ઋતુ ચક્ર ખોરવાઈ જવા સહિતની વિવિધ આફતો સર્જાઈ ઈન્ટનેટથી લીધેલી તસવીરો પરથી પણ સાબિત થયું છે કે આ પંથકમાં ગ્રીન આવરણ નામસેશ થઈ ચૂક્યું છે જોકે સમગ્ર જિલ્લાને દિશા બતાવતા આ પંથકને હરિયાળો બનાવવાના એક પ્રેરણાદાઈ પ્રયાસ ઉગેલો જોવા મળતો નથી ઉલટાનું ત્યાં અનેક લોકોએ દબાણ કરી કરી દીધુ છે ....!

અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લા માં થઈ રહેલા આડેધડ વૃક્ષ છેદનની પ્રવુતિ પર ફોરેસ્ટ



છે જેની માનવ જાત ઉપર પણ વિપરીત અસરો વર્તાય છે તેના મૂળમાં આડેધડ થઈ રહેલા વૃક્ષ છેદન જવાબદાર છે. જેને લઈને આજે બનાસકાંઠાના ડીસા પંથકમાં કુદરતનું ગ્રીન આવરણ નાશ પામ્યું છે અનેક મહામુલા વૃક્ષો નામશેષ થઈ ગયા છે તેમાંય છેલ્લા એક દાયકાથી તો વૃક્ષ છેદનનું પ્રમાણ હદ વટાવી ગયું છે રૂપે વરસ ૨૦૧૧ માં તત્કાલીન જિલ્લા કલેક્ટર આર.જે.પટેલ દ્વારા જુનાડીસા ગામની વાસણા ગામના રોડ ઉપર આવેલી ગૌચરની જમીનમાં ૧,૧૧,૧૧૧ છોડનું વૃક્ષારોપણ કરી ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ પણ સર્જ્યો હતો.... પરંતુ પાછળથી દેખરેખના અભાવે આ તમામ રોપાઓનું બાળ મરણ થઈ ગયું છે જ્યાં આજે એકપણ છોડ વિભાગની રહેમ નજરની સાથે સાથે સરકારના પરિપત્રના કાયદાનો પણ દુરુપયોગ થઈ રહ્યો છે ત્યારે ઋષિ સમાન વૃક્ષોની થઈ રહેલ હત્યાંને રોકવા આપણ સૌ નાગરિકોની પણ ફરજ છે ત્યારે આજે સૌ સંકલ્પ કરીએ કે આપણા ગામમાં વધુને વધુ વૃક્ષ વાવીએ અને ઉછેરીએ તેમજ કપાતા પણ બચાવીએ.

## ડીસાના મૂડેઠા ગામના ખેતરમાંથી જુગારિયા ઝડપાયા

કચ્છ-ભુજ રેન્જના પોલીસ મહાનિરીક્ષક ડી.બી. વાઘેલા તથા જિલ્લા પોલીસ અધિક્ષક પ્રદીપ શેજુળ બનાસકાંઠાની સુચના તેમજ દિયોદરના વિભાગીય પોલીસ અધિક્ષક પી.એચ. ચૌધરી તથા સર્કલ પીઆઈ વાય.એમ. મીશ્રાના માર્ગદર્શન હેઠળ ભીલડીના પીએસઆઇ એસ.વી. આહીરે તેમની ટિમ સાથે બાતમીના આધારે મુડેઠા સીમ વિસ્તારમાં વિનાજી બાબુંજી રાઠોડના ખેતરમાં ઓચિંતો દરોડો પાડી આ ખેતરનું ખુલ્લી જગ્યામાં પ્લાસ્ટીકના કંતાનની છત બનાવી તેની નીચે એલઈડી લાઇટના અજવાળે ખુલ્લામાં ગંજીપાના વડે પૈસાની લેતી દેતી વડે હાર જીતનો જુગાર રમતા મુડેઠા ગામના વીનાજી બાબુંજી રાઠોડ ઉપરાંત જયેશભાઇ નાનુંભાઈ મોદી (રહે-નવી ભીલડી ગાયત્રી બંગ્લોજ), વસંતભાઈ નાનચંદભાઈ મોદી (રહે-નવી ભીલડી ગાયત્રી બંગ્લોજ), મોહનભાઈ ધુડાભાઈ જોષી (રહે-જુનીભીલડી), જયેશભાઈ માદેવભાઈ મોદી (રહે-ભીલડી ધરણીધર સોસાયટી), પ્રવિણભાઈ નટવરભાઈ ગેલોતર (મોદી) (રહે-જુનીભીલડી), વિનુંભા જલુજી રાઠોડ (રહે-મુડેઠા), દીલીપભાઈ ચંદુભાઈ મોદી , જયંતીભાઈ પરમાભાઈ મોદી, ભાવેશભાઈ ચંદુલાલ પંડ્યા, ભરતકુમાર ત્રિભોવનદાસ પંડ્યા, ચંન્દ્રકાંત સેવંતીલાલ મોદી તેમજ પરેશકુમાર પ્રવિણભાઈ મોદી એમ તેર જુગારિયાઓને ૨,૩૦,૯૦૦ રૂપિયાની રોકડ રકમ, ૩૮,૦૦૦ની કિંમતના ૧૨ નંગ મોબાઈલ ફોન તેમજ ચાર્જીન એલ.ઈ.ડી લાઈટ સહિત કુલ ૨,૬૮,૯૫૦ રૂપિયાના મુદ્દામાલ સાથે રંગેહાથ ઝળપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.